# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૦ તા.૩૦-૯-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- અહિંસા વિષય પર ધો.૮ ના વિદ્યાર્થીઓની 'ચિત્ર સ્પર્ધા યોજવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ધોરણ-૮ ના વિદ્યાર્થીઓની શાળાકક્ષાએ તા.૧-૧૦-૧૬ ના રોજ 'અહિંસા' વિષય ઉપર ચિત્ર સ્પર્ધા યોજી શાળાના વિદ્યાર્થીઓમાંથી એક શ્રેષ્ઠ ચિત્ર ૧-૦૦ વાગ્યા સુધી બીટ નિરીક્ષકશ્રીને મોકલી આપવાનું રહેશે.

સૂચનાઓ :-

૧. ધો.૮ ના જ વિદ્યાર્થીઓની ચિત્ર સ્પર્ધા યોજવી.
૨. ચિત્ર દોરવા માટે A-૪ સાઇઝનો આર્ટ પેપર ઉપયોગ કરવો.
૩. ચિત્રમાં રંગો પુરી શકાશે(ચોક કલર, વોટર કલર વગેરે)
૪. ચિત્રના એક ખૂણે વિદ્યાર્થીનું નામ અને શાળાનું નામ અવશ્ય લખવું, ચિત્રને શીર્ષક પણ આપી શકાશે.
૫. એ.ટી.ડી. શિક્ષકો/ચિત્રના જાણકાર શિક્ષકોએ વિદ્યાર્થીઓને 'અહિંસા' ઉપર કેવા ચિત્રો બનાવી શકાય તેનું માર્ગદર્શન આપવાનું રહેશે.
૬. ધો.૮ ના વિદ્યાથીઓની ચિત્ર સ્પર્ધા તા.૧-૧૦-૧૬ ના રોજ ૧ વાગ્યા સુધી પૂર્ણ કરી એક શ્રેષ્ઠ ચિત્ર બીટ નિરીક્ષકશ્રીને તાત્કાલિક પહોંચાડવાનું રહેશે. બીજા ચિત્રો શાળાએ જ રાખવા.
૭. ચિત્ર સ્પર્ધા શાળા સમયમાં યોજવાની રહેશે. સ્પર્ધાનો સમય ૯૦ મિનીટનો રાખવાનો છે.

દરેક બીટ નિરીક્ષકશ્રીએ ધો.૮ વાળી શાળાઓના આવેલ શ્રેષ્ઠ ચિત્રોમાંથી પ્રથમ પાંચ પસંદ કરેલાં સારા ચિત્રોની યાદી બનાવી તા.૧-૧૦-૧૬ના રોજ ૪-૦૦ વાગ્યા સુધી મુખ્ય ઓફિસે ડે.એ.ઓ. ડો. સત્યેન્દ્રસિંહ ઠાકુરને મળે તે રીતે મોકલી આપવાનાં રહેશે. શાળામાંથી આવેલ પ્રથમ ક્રમે પસંદગી પામેલ તમામ ચિત્રો પણ મોકલવાના રહેશે.

આ ચિત્રસ્પર્ધા ધો.૮ વાળી દરેક શાળામાં યોજાય તેની તકેદારી અને કાળજી શાળાના મુખ્ય શિક્ષકે રાખવાની છે. શ્રેષ્ઠ ચિત્રની પસંદગી શાળા કક્ષાએ મુખ્ય શિક્ષકે એ.ટી.ડી. શિક્ષક કે ચિત્રના જાણકાર શિક્ષક પાસેથી કરાવવાની રહેશે.

તા.૩૦-૯-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં.૯૧ તા.૩૦-૯-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુ.શિ.શ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : પ્રા.શિ.નિ. / નીતિ / ૨૦૧૬ / ક / ૭૩૯૩ - ૭૪૫૦ તા.૨૮-૯-૧૬ મુજબ વર્ષ-૨૦૧૧ ના નિમણૂંક પામેલ વિદ્યાસહાયકોને પાંચ વર્ષ અંતે પૂરા પગારી શિક્ષક તરીકેના હુકમ એનાયત કાર્યક્રમ માન.શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ (મંત્રીશ્રી, મહેસુલ, શિક્ષણ(પ્રાથમિક,માધ્યમિક, પ્રૌઢ) ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત રાજ્ય)ના વરદ્ હસ્તે રાખવામાં આવેલ છે. **વર્ષ-૨૦૧૧માં વિદ્યાસહાયક તરીકે નિમણૂંક પામેલ તમામ વિદ્યાસહાયકોને નીચે જણાવેલ તારીખ,સમય અને સ્થળે અચૂક હાજર રાખવાના રહેશે.**

તારીખ :- તા.૩-૧૦-૨૦૧૬/સોમવાર
સમય :- સવારે ૭:૦૦ કલાકે
સ્થળ :- સ્કાઉટ ભવન પાલડી.

તા.૩૦-૯-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી